# એ હસમુખો લંબુજી

શંકર-જયકિશને ફિલ્મસંગીતના સુવર્ણયુગનો પાયો નાખવાની સાથોસાથ બીજાં પણ બે-ત્રણ કાર્યો કર્યાં. એક, ગોવાના કૅથલિક ક્રિશ્ચિયન સાજિંદાઓને ભારતીય સંગીતમાં રસ લેતા કર્યા, અગાઉ આંગળીના વેઢે ગણાય એટલા સાજિંદાને કામ મળતું. બે, શંકર-જયકિશને સો સો સાજિંદા રાખીને વધુ રોજગાર પેદા કર્યો.

ત્રીજું અને સૌથી મહત્ત્વનું પ્રદાન એ કે પ્રતિભાવાન સંગીતકારો તૈયાર કર્યા. એમની સાથે સાજિંદા તરીકે કામ કરીને ઘડાયેલા દત્તારામ, કલ્યાણજી વીરજી શાહ, વી. બલસારા, કિશોર દેસાઈ, વિપિન રેશમિયા, લક્ષ્મીકાંત કુડાલકર, પ્યારેલાલ શર્મા...

અલબત્ત, આમાંના સંગીતકાર તરીકે બધા શંકર-જયકિશન જેટલા સફળ ન થયા. ખરેખરા પ્રતિભાવાન હતા અને જેમના પુરુષાર્થને પ્રારબ્ધનો સાથ હતો એવા ત્રણ-ચાર સંગીતકારો શંકર-જયકિશનની હાજરીમાં જ સફળ થયા. આ સંગીતકારોએ શંકર-જયકિશનની સર્જનશૈલીને અપનાવી અને પોતાની રીતે કેડી કંડારી.

કેડી રાજમાર્ગ બની અને આ સંગીતકારો પણ જબરદસ્ત કામિયાબીને વર્યા. મબલક નામ-દામ કમાયા. એવા એક સંગીતકારની વાત હવે શરૂ કરવી છે.

આશરે 1951ની આખરની વાત છે. સંગીતકાર હેમંત કુમાર પાસે એક યુવાનને લાવવામાં આવ્યો, સાગના સોટા જેવો પાતળિયો અને હસમુખો એ યુવાન નમસ્કાર કરીને ઊભો રહ્યો. એને લાવનાર સાજિંદા તરફ હેમંતદાએ

પ્રશ્નસૂચક નજર કરી. પેલાએ માહિતી આપી. 'બહુ મીઠું હાર્મોનિયમ, વાયોલિન, ગિટાર અને ડ્રમ વગાડે છે... ભારતીય નોટેશન સિસ્ટમ જાણે છે...' હેમંતદાએ હકારમાં માથું ધુણાવ્યું. નવો યુવાન પસંદ થઈ ગયો.

હેમંત કુમાર જોડે એ દિવસોમાં અન્ય એક સહાયક સંગીતકાર હતો. આવેલા બીજાનો ઉમેરો થયો. એ સતત હસતો અને વાતાવરણને હળવુંફૂલ રાખતો. નિર્માતા એસ. મુર્ખજી એ દિવસોમાં ફેન્ટસી કમ માઇથોલૉજિકલ ટાઇપની એક ફિલ્મ બનાવવાની યોજના ઘડી રહ્યા હતા.

બિજોન ભટ્ટાચાર્યે કથા લખી હતી. હમીદ બટ્ટ અને રાજેન્દ્ર કૃષ્ણે એની સ્ક્રિપ્ટ તૈયાર કરી હતી. પરસ્પર લડી રહેલા બે આદિવાસી કબીલામાં પાંગરી રહેલી એક પ્રણયકથાની સંગીતપ્રધાન ફિલ્મ બને એવું હતું.

હેમંત કુમાર એનું સંગીત તૈયાર કરી રહ્યા હતા. એમને એક લોકવાદ્યની સૂરાવલિ જેવી સ્પેશિયલ ઇફેક્ટ્સની જરૂર હતી. જંગલમાં રઝળતા અને ગમે તેવા ઝેરી નાગ-સાપને વશ કરતા વાદીઓ સિવાય એ લોકવાદ્ય કોઈ પાસે જોવા ન મળે. વાદીઓ પોતાની સ્થાનિક બરછટ બોલીમાં એને પૂંગી કહેતા. સભ્ય સમાજમાં એને બીન કહેતા.

જોકે શાસ્ત્રીય સંગીતકારો સિતાર જેવા એક પ્રાચીન સાજને બીન કહે છે. એ તદ્દન જુદું વાદ્ય છે. હેમંત કુમાર સાથે જોડાયેલા પેલા નવા યુવાનને એ જમાનામાં સોલોવોક્સ તરીકે ઓળખાતા એક ઇલેક્ટ્રૉનિક વાદ્યની તલાશ હતી. એ વાદ્ય ભારતમાં સહેલાઈથી ઉપલબ્ધ નહોતું.

મારા તમારા જેવા સંગીતઘેલા લોકો પર ભાગ્યની દેવી રીઝી હશે એટલે આ યુવાનને સોલોવોક્સની ગરજ સારે એવું એક અન્ય સેકન્ડહૅન્ડ વિદેશી સાજ મળી ગયું. નવરાશની પળે એ સાજ પર આ યુવાન જાતજાતના અખતરા કરતો.

એક દિવસ એ આ રીતે પેલા વિદેશી સાજ પર આંગળીઓ ફેરવી રહ્યો હતો ત્યારે અનાયાસે એક વિશિષ્ટ સૂરાવલિ સર્જાવા માંડી.

યોગાનુયોગ બરાબર એ જ ક્ષણે હેમંતદા આ ઓરડા પાસેથી પસાર થયા. પેલી સૂરાવલિ સાંભળીને એ ત્યાં જ અટકી ગયા. આ તો મને જોઈએ છે એ જ ઇફેક્ટ... તરત હેમંતદા આ ઓરડામાં ધસી આવ્યા અને પેલા યુવાનને કહ્યું, બજાઓ બજાઓ... યહ ચીજ મુઝે ચાહિયે...

પહેલાં તો પોતાની ધૂનમાં મસ્ત એવા યુવાનને ખ્યાલ ન આવ્યો કે હેમંતદા શું કહી રહ્યા છે, પણ આંખના પલકારામાં એ સમજી ગયો અને તરત ઊઠીને હેમંતદાને નમસ્કાર કર્યા. હેમંતદાએ એને કહ્યું કે હમણાં તું જે વગાડી રહ્યો હતો એ મને જોઈએ છે. મારો અરેન્જર તને ગીતની તર્જ આપશે. એમાં તારી આ સૂરાવલિ ફિટ કરી દે.

હેમંત કુમારે જે ગીત તૈયાર કર્યું હતું એમાં યુવાને સર્જેલી સૂરાવલિ દૂધમાં સાકર ભળે એટલી સહજતાથી ભળી ગઈ. ગીત રેકૉર્ડ થયું. રાતોરાત આ યુવાન અને એનું સાજ દેશના ખૂણેખાંચરે ગુંજતું થયું. એક નવો યુગ શરૂ થયો.

**???એની વાત આવતા શુક્રવારથી આપણે કરીશું.???**

# ગારુડીનું બીન રણક્યું

**દાદીમાના** કંઠે ભજનો-લોકગીતો સાંભળીને હૈયામાં ઉતારી લીધાં હતાં.

સાચા સંગીતરસિકો તો તરત પામી ગયેલા કે આ વાત કલ્યાણજી વીરજી શાહની છે, જેમણે પાછળથી પોતાના નાના ભાઈ આણંદજી અને ???બાબલા???નામ??? સાથે મળીને ફિલ્મસંગીતના સુવર્ણયુગમાં મબલક પ્રદાન કર્યું. કલ્યાણજી-સોલોવોક્સ શોધતા હતા. એ તો મળ્યું નહીં, પણ એવું જ એક વિદેશી સેકન્ડહેન્ડ સાજ ક્લેવાયોલિન મળી ગયું. આ ક્લેવાયોલિનમાં ગારુડી-મદારી વગાડતા એ પૂંગી (બીન)ની ઇફેક્ટ સર્જીને કલ્યાણજીએ જે પાર્શ્વસંગીત તૈયાર કર્યું એ ફિલ્મ 'નાગિન'ના 'મન ડોલે મેરા તન ડોલે..' ગીતનું અનિવાર્ય અંગ બની ગયું.

રાતોરાત કલ્યાણજી-દેશના ખૂણે ખૂણે જાણીતા થઈ ગયા. ચારેકોર તેમણે સર્જેલી સૂરાવલિ ગણેશોત્સવ અને નવરાત્રિમાં ગુંજતી થઈ ગઈ. એમની સૂરાવલિ સાથે નાનકડી બાલિકાઓ રેકર્ડ ડાન્સ કરતી થઈ ગઈ. આમ તો તેર-ચૌદ વર્ષની વયથી આ બંને ભાઈઓ એક નાનકડું ઑર્કેસ્ટ્રા ચલાવતા એટલે લોકનાડની પરખ તો થઈ ગયેલી. 'નાગિન'એ એ દૃઢ કરી.

કલ્યાણજીએ વગાડેલું એ પહેલું વિદેશી ઇલેક્ટ્રૉનિક કી-બોર્ડ. આજે તો કેસિયો, યામાહા, રોલાન્ડ, કુર્ગ, ક્વાઈ અને બીજી અર્ધો ડઝન બ્રાન્ડનાં કી-બોર્ડ ઉપલબ્ધ છે, પરંતુ 1950ના દાયકામાં આવા ઇલેક્ટ્રૉનિક સાજને અપનાવનારા કલ્યાણજી વીરજી શાહ પહેલા હતા. એ રીતે એમને કી ઇલેક્ટ્રૉનિક સંગીતના પાયોનિયર કહી શકાય.

એમના વિશે વધુ વાત કરતાં પહેલાં થોડી પૂર્વભૂમિકા જોઈ લઈએ. કચ્છના મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામના વેપારી વીરજી પ્રેમજી શાહના પુત્રોમાં કલ્યાણજી, આણંદજી અને બાબલાને ગળથૂથીમાં જ સંગીત મળ્યું હતું એમ કહી શકાય. વીરજીભાઈનાં બા અને વીરજીભાઈનાં પત્ની અત્યંત હલકદાર કંઠે લોકગીતો અને ભજનો ગાતાં. એ ગીતો સંતાનોનાં હૈયાંમાં ઘર કરી ગયાં હતાં.

વેપાર-ધંધા અર્થે વીરજીભાઈ મુંબઈ આવ્યા અને કલ્યાણજી-તથા આણંદજીને મુંબઈના માટુંગા વિસ્તારમાં આવેલા જૈન છાત્રાલયમાં શિક્ષણ માટે મૂક્યા. પહેલેથી જ આ બંનેને શિક્ષણમાં ઝાઝો રસ નહીં. છાત્રાલયના વાદ્યવૃંદ (જૈન બૅન્ડ)માં કલ્યાણજી-જોડાઈ ગયા અને જુદાં જુદાં વાદ્યો વગાડતા થયા. કલ્યાણજીનો એક મિત્ર પોતાના દોસ્તની હાજરી સ્કૂલમાં પુરાવી દેતો. કલ્યાણજીને સ્વરસાધનામાં લીન રહેવાની સગવડ મળી રહેતી. એક વાર તો છાત્રાલયના કમ્પાઉન્ડમાં પડેલા નાનકડા ગોળ પથ્થરો ભેગા કરીને પાષાણ-તરંગ જેવું વાદ્ય બનાવવાનો પ્રયાસ પણ કલ્યાણજીએ કરેલો.

છાત્રાલયમાં જ બંને ભાઈઓ વિવિધ વાદ્યો વગાડતાં થઈ ગયેલા.

છાત્રાલયમાં જી. ડી. વ્યાસ કરીને સંગીતશિક્ષક હતા. એ કલ્યાણજીની નવું નવું શીખવાની ધગશ પામી ગયેલા. એમણે પોતાની પાસે હતી એટલી તમામ વિદ્યા કલ્યાણજી-આણંદજીને આપી. આમ દાદીમા, માતુશ્રી અને જી. ડી. વ્યાસે ભાવિ સંગીતકારને તૈયાર કરી દીધેલા. પિતાને જોકે આ બધી પ્રવૃત્તિ ગમતી નહીં. પિતાનું મન રાખવા કલ્યાણજી-આણંદજી મુંબઈના ગિરગામ ઠાકુરદ્વાર પર આવેલી પિતાની દુકાને બેસતા ખરા. બીજી બાજુ રાત્રે સરખેસરખી વયના કિશોરોનું એક નાનકડું ઑર્કેસ્ટ્રા બનાવીને નાના નાના પ્રોગ્રામ કરતા થઈ ગયા.

દિવસે પિતાની દુકાને અને રાત્રે સંગીતની સેવામાં.

'નાગિન' ફિલ્મમાં ક્લેવાયોલિન પર વગાડેલા બીને કલ્યાણજીની કારકિર્દીને જબરદસ્ત વેગ આપ્યો. ફિલ્મસર્જક કીકુભાઈ દેસાઈના પુત્ર અને મનમોહન દેસાઈના ભાઈ સુભાષ દેસાઈનો એક દિવસ સંદેશો મળ્યો - મને મળી જાઓ. હસમુખા કલ્યાણજી-સુભાષ દેસાઈને મળવા ગયા. સુભાષ દેસાઈ આ કચ્છી યુવાનમાં રહેલી પ્રતિભા પારખી ગયેલા. તેમણે કલ્યાણજીને ધરતીકંપના જેવો એક જોરદાર આંચકો આપતાં કહ્યું, 'મારે તમારી સાથે મારી આગામી અગિયાર

ફિલ્મો માટે સંગીતકાર તરીકે કૉન્ટ્રૅક્ટ કરવો છે.'

કોઈ પૂર્વાનુભવ વિના અગિયાર ફિલ્મોનું સંગીત? પહેલાં તો કલ્યાણજીએ રમૂજમાં કહ્યું, 'મને આ કામનો કોઈ અનુભવ નથી. હું કરી શકું કે કેમ એ વિશે વિચાર કરવો પડે.' સુભાષ દેસાઈએ કહ્યું કે 'મને એક નિર્માતા તરીકે તમારામાં રહેલી પ્રતિભાનો ખ્યાલ છે. તમારે આ કૉન્ટ્રૅક્ટ સહી કરવાનો છે.' આમ છતાં કલ્યાણજીએ મજાકમાં કહ્યું, 'અગિયારનો શો મેળ પડે? આપણે ડઝનની વાત કરીએ તો કેમ?' સુભાષ દેસાઈએ એ વાત તરફ ધ્યાન ન આપ્યું અને અગિયાર ફિલ્મોની વાત પકડી રાખી. કલ્યાણજીએ ઘેર પાછા ફરીને અગિયાર ફિલ્મો સાઇન કરી હોવાની જાણ કરી. કુટુંબીજનોને કલ્યાણજીભાઈના રમૂજી સ્વભાવની જાણ હતી એટલે કોઈએ આ વાતને ગંભીરતાથી લીધી નહીં.

જોકે કલ્યાણજીએ તો કલ્યાણજી વીરજી શાહના નામે ફિલ્મસંગીતમાં ઝુકાવી દીધું. શંકર-જયકિશન અને હેમંત કુમાર સાથે કામ કરી ચૂક્યા હતા એટલે સાજિંદાઓ સાથે સારો સુમેળ હતો. પરમાત્માનું સ્મરણ કરીને તેમણે કામ શરૂ કર્યું.